દાદા ભગવાન પરિવારનું
નવેમ્બર ૨૦૨૩
પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# આંખો મીંચીને જોઉં

## સંપાદકીય

બાળમિત્રો,

સુપર હીરોના સુપર પાવર્સ તો આપણે ફક્ત ફિલ્મોમાં જોયા છે. પણ 'દાદા ભગવાન'ના સુપર પાવર્સ તો હજારો લોકોએ ખરેખર જોયા અને અનુભવ્યા છે. હવે એ જ સુપર પાવર્સને ડેવલપ કરવાની ઈઝી ટેકનિક કોઈ આપણને શિખવાડે તો આપણે ના શીખી લઈએ ?

વિવાન લગભગ તમારી ઉંમરનો છે અને તમારા જેવો જ સ્માર્ટ છે. એણે પણ એના માસી પાસેથી 'દાદા ભગવાન'ના સુપર પાવર્સ ડેવલપ કરવાની ટેકનિક શીખી લીધી છે.

શું છે એ ટેકનિક ? એના ફાયદા શું છે ? ચાલો, આ અંકમાં આપણે વિવાનને મળીને એ ટેકનિક સમજીએ અને શીખીએ.

- ડિમ્પલ મહેતા




# અક્રમ એક્સપ્રેસ

વર્ષ : ૧૬, અંક : ૦૩
સળંગ અંક : ૧૮૩
નવેમ્બર ૨૦૨૩

..................................



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor: Dimple Mehta

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Owned by and Published from
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Printed at
Amba Multiprint
Opp. H B Kapadiya New High School,
Chhtral-Pratappura Road,
At-Chhatral, Tal. Kalol
Dist. Gandhinagar – 382729.



© 2023, Dada Bhagwan Foundation
All Rights Reserved



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# આ છે વિવાન...



વિવાન દસ વર્ષનો છે. એને ત્રણ વસ્તુનો શોખ છે.


૧. ક્રિકેટ - 'કિરાટ વોહલી' એનો ફેવરિટ ક્રિકેટર છે.
૨. શબ્દોને પ્રાસમાં બોલવા.
૩. હૉરર સ્ટોરીઝ.

એના ફેવરિટ લોકોમાંના એક છે એના માસી. બે વર્ષે માસી અમેરિકાથી વિવાનના ઘરે થોડા દિવસ માટે રહેવા આવવાના હતા. વિવાનને એમની કંપની બહુ ગમે. માસી રોજ રાત્રે વિવાન સાથે જુદી જુદી ગેમ્સ રમે અને એને વાર્તાઓ કહે.

વિવાનની ખુશીનું બીજું પણ એક કારણ હતું. એને સ્કૂલમાંથી એક મહિનાનો પ્રૉજેક્ટ મળ્યો હતો, જેમાં એને પોતાના ઘરના કોઈ પણ એક મેમ્બરની લાઈફને સ્ટડી કરીને, એમની પર્સનાલિટી વિશે પ્રેઝન્ટેશન આપવાનું હતું.

વિવાને એના માસીને પસંદ કર્યા હતા. વિવાનને ખાતરી હતી કે આ પ્રૉજેક્ટમાં એને સહુથી વધારે માર્ક્સ મળશે. કારણ કે અમેરિકાથી આવનાર માસીની લાઈફ સ્ટોરી તો મસ્ત મજાની જ હોય ને !

# સાતમો દિવસ



પ્રૉજેક્ટ મળ્યાના પહેલા દિવસે વિવાન જેટલો ખુશ હતો એટલો જ સાતમા દિવસે ટેન્શનમાં હતો. તે દિવસે એનું ફર્સ્ટ પ્રેઝન્ટેશન હતું.

એણે ક્લાસને પોતાનો પિક્ચર ચાર્ટ બતાવ્યો.

સવારે મારા માસી પ્રાર્થના કરે છે. હું જ્યારે બપોરે સ્કૂલેથી ઘરે જઉં ત્યારે એ 'વર્ક ફ્રૉમ હોમ' એટલે કે, ઘરેથી પોતાની ઑફિસનું કામ કરે છે. સાંજે ઑફિસ પૂરી થાય પછી આરતી કરે છે. રાત્રે જમીને અમે સાથે રમીએ અથવા ફરવા જઈએ અને પછી તેઓ એક ફોટો લૅમ્પ જોતા જોતા સૂઈ જાય છે.

વિવાનની વાત સાંભળીને બધા જ વિદ્યાર્થીઓ બૉર થઈ ગયા. આદિત્યએ ધીરેથી કૉમેન્ટ કરી, 'વિવાનના માસી તો બા જેવા છે.' બધા હસી પડ્યા. બધાના પ્રેઝન્ટેશનમાં કૂકિંગ, ટ્રાવેલિંગ, ફેમસ મૂવી સ્ટારના મૂવીઝ જોવાની મસ્ત વાતો હતી અને વિવાનના માસીનું રૂટીન તો સાવ બૉરિંગ હતું !

વિવાનને થયું કે એણે માસીને ચૂઝ કરીને ભૂલ કરી છે એટલે એણે ટીચરને પૂછ્યું, 'શું હું વ્યક્તિ બદલી શકું ?' ટીચરે હસીને કહ્યું, 'બસ, આટલી જલદી હાર માની લીધી ? હજુ વધારે પ્રયત્ન કર. તેઓ રોજ શું કરે છે એ તો તે કહી દીધું, પણ કેમ કરે છે એ તો શોધ !'

વિવાનને થયું, એમાં શું શોધું ? જ્યાં હાઈએસ્ટ માર્ક્સ લાવવાની આશા હતી, ત્યાં હવે સૌથી ઓછા માર્ક્સ આવશે.

# બારમો દિવસ



વિવાન સાતમા દિવસ કરતા પણ વધારે ટેન્શનમાં હતો. માસી પરનું રિસર્ચ તો એણે સાઈડમાં મૂકી દીધું હતું. એના ટેન્શનનું કારણ તો વોહલી હતો.

**વિવાન :** બસ કર વોહલી, મને ફોકસ કરવા દે. કાલે મારે મૅથ્સની ટેસ્ટ છે.

**માસી :** શું થયું વિવાન ?

**વિવાન :** આ વોહલી મને ભણવા નથી દેતો.

**માસી :** પણ વોહલી અહીંયા ક્યાં છે ?

**વિવાન :** અરે, માસી આજે મેચ છે. વોહલી કેવું રમશે અને એ કેટલો સ્કોર કરશે એના મને વિચારો આવે છે.

**માસી :** આ વોહલી કેવો છે ! તું એનો આટલો મોટો ફૅન છે અને તારે જ્યારે જરૂર છે, ત્યારે એ તારી હેલ્પ નથી કરતો.

**વિવાન :** માસી, એ કેવી રીતે હેલ્પ કરે ?

**માસી :** લે, કેમ ના કરે ? તો એના ફૅન થવાનો શું ફાયદો ? ફૅન તો એના થવાય જેને યાદ કરવાથી આપણને જોઈતી શક્તિઓ મળે.

**વિવાન :** હવે એવું કોણ છે, જેને હું યાદ કરું અને મને ભણવાનું યાદ રહી જાય ? મૅથ્સની ટેસ્ટ છે, તો આર્ય ભટ્ટને યાદ કરું ?

**માસી :** ના, મારી વાત માનીશ ? તું મારા દાદાને યાદ કર.

**વિવાન :** માસી, એમાં દાદા શું કરશે ?

**માસી :** તું એકવાર ટ્રાય તો કર. આ મારા દાદાનો ફોટો લે અને એમને જોઈને દસ મિનિટ 'દાદા ભગવાનના અસીમ જય જયજયકાર હો' બોલ.

**વિવાન (વિચારમાં) :** એમેય યાદ નથી રહેતું, તો ટ્રાય કરી જોઉં.

**શું માસીની ટ્રિક સફળ રહી ? ચાલો જોઈએ.**

# પંદરમો દિવસ




**વિવાન :** માસી, આ તમારા દાદા પાસે કોઈ પાવર્સ છે ? મને ભણવાનું તો યાદ રહી ગયું, પણ એનાથી મોટી વસ્તુ એ થઈ કે મને તો દાદાની આંખો ભૂલાતી જ નથી. વોહલીની જેમ મને દાદા પણ યાદ આવવા લાગ્યા છે. શું એમની પાસે એવેન્જર્સ જેવા પાવર્સ છે કે પછી છોટા ભીમ જેવા ?

**માસી :** દાદા પાસે તો તું જોઈ ના શકે પણ ફીલ કરી શકે એવા પાવર્સ છે. આંખો બંધ કરીને તું દાદાના ફોટાને યાદ કરે, તો ધીમે ધીમે તને પણ એમના જેવા પાવર્સ મળતા જશે. મને મળ્યા છે એટલે હું તને કહું છું.

**વિવાન :** તમને મળ્યા છે ?! કેવી રીતે ?

**માસી :** ખબર છે, હું જ્યારે અમેરિકામાં ભણતી હતી ત્યારે શું થયું હતું ?

**વિવાન :** શું ?

**માસી :** શરૂઆતમાં તો મને ત્યાં બહુ એકલું એકલું લાગતું હતું. નાના-નાની બહુ યાદ આવતા હતા. ત્યારે નાનુએ મને થોડી સી.ડી. મોકલી હતી.

**વિવાન :** મૂવીઝની ? પછી તો તમને મજા આવી ગઈ હશે ને ?



**માસી :** અરે, તને શું કહું ! એટલી મજા આવી ગઈ કે વાત ના પૂછ. હું કૉલેજના ક્લાસ પતે કે તરત જ રૂમ પર જઈને સી.ડી. જોવા બેસી જઉં. ભણવામાંથી બ્રેક લઉં ત્યારે સી.ડી. જોઉં. મારા ફ્રેન્ડ્સ રાત્રે પાર્ટી કરે ત્યારે હું જાગીને સી.ડી. જોઉં.

**વિવાન :** માસી, નાનુએ તમને કયા મૂવીઝની સી.ડી. મોકલી હતી ? મારે પણ જોવી છે.

**માસી :** અરે, એના થર્ટી સિક્સ પાર્ટસ છે. અને મેં તો એ રિપીટ પણ જોયા છે.

**વિવાન :** માસી, મને એ સી.ડી.નું નામ કહો ને.

**માસી :** પ્રત્યક્ષ દાદા...

**વિવાન :** પ્રત્યક્ષ દાદા ? આ મૂવી છે ?

**માસી :** હા, મારા દાદાની મૂવી !

**વિવાન :** માસી, તમને ભણવામાંથી બ્રેક જોઈતો હોય ત્યારે તમે દાદાની મૂવી જોતા હતા ? એવું તો કોણ કરે ?!


**માસી :** વિવાન, તને ભણવામાંથી બ્રેક જોઈતો હોય ત્યારે તું પેલી મોબાઈલ ગેમ રમવા બેસી જાય છે ને ? કેમ ?

**વિવાન :** કારણ કે, મને મજા આવે છે.

**માસી :** મને પણ દાદાની મૂવી જોવામાં બહુ આનંદ આવતો હતો.

**વિવાન :** તો એ મૂવી જોઈને તમને કોઈ પાવર મળ્યો ?!

**માસી :** હા, મળ્યો ને. યાદ છે, અમેરિકામાં મારો ઍક્સિડન્ટ થયો હતો ? મારી કાર આખી ઊંધી થઈ ગઈ હતી. ગાડીનો કાચ પણ તૂટી ગયો હતો. પણ, મને જરાય ડર નહોતો લાગ્યો. સૌથી પહેલા મને દાદા યાદ આવ્યા. મને થયું, 'દાદા છે ને



મારી સાથે, મને કંઈ નહીં થાય.' જરાય ગભરાયા વગર હું સીટ બેલ્ટ ખોલીને ધીરેથી કારની બહાર આવી ગઈ. મને સહેજ પણ વાગ્યું નહોતું.

**વિવાન :** વાઉ માસી ! તમને ડર ના લાગ્યો ?! પછી ?

**માસી :** ત્યારે મને મારા દાદાનો પાવર ખબર પડી કે, 'હું માનીશ કે દાદા મારી સાથે છે, તો એ હંમેશાં મારી સાથે જ રહેશે !' ખાલી કારનો ઍક્સિડન્ટ જ નહીં, દાદાએ મને ખોટું કરતા પણ કેટલીયવાર બચાવી લીધી છે. હું કંઈ પણ કરવા જઉં, તો તરત મને વિચાર આવે કે, 'શું મારા દાદાને આ ગમશે ?' અને મને અંદરથી જ જવાબ મળી જાય.

**વિવાન :** માસી, આવું તો પૉસિબલ જ નથી. તમે ગપ્પાં મારો છો.

**માસી :** અરે વિવાન, તે હજુ મારા દાદાનો પાવર જોયો જ ક્યાં છે ? અત્યારે તો તને એમની આંખો ભૂલાતી નથી. આગળ આગળ જોતો જા, એક દિવસ એવો આવશે કે તને પણ મારી જેમ આ દાદા ભૂલાશે જ નહીં.

રાત્રે સૂતા પહેલા વિવાને એના પ્રૉજેક્ટ પ્રેઝન્ટેશન માટે માસી વિશે થોડી નોટ્સ લખી અને પછી બીજા દિવસ માટે બૅગ પૅક કરીને સૂઈ ગયો.

# My Creation

પેજ ૧૦ અને ૧૧ પર આપેલા ફોટો કટ કરી નીચે બતાવેલ પીક્ચર્સ જેવી ફોટો ફ્રેમ બનાવો અથવા તમને મનગમતી ફોટો ફ્રેમ બનાવી અમને **akramexpress.team@gmail.com** પર મોકલાવો.














# દાદા ભગવાનની ૧૧૬મી જન્મ જયંતીમાં પધારવા સૌને ભાવભર્યું આમંત્રણ...

જયાં બાળકો તથા યુવાનો માટે છે...
## ચિલ્ડ્રન પાર્ક



લકી ડ્રૉ


એમ્ફી થીએટર


કલ્ચરલ શો


ગેમ્સ


પપેટ શો

**૨૨ થી ૨૮ નવેમ્બર ૨૦૨૩**
**ખારાવાડી, લીલીયા રોડ,**
**ત્રિમંદિર પાસે, દાદાનગરની બાજુમાં,**
**અમરેલી**



# અઢારમો દિવસ

વિવાનને હૉરર મૂવીઝ જોવા બહુ જ ગમતા હતા. પણ એ જોયા પછી ઘણીવાર હૉરર મૂવીઝના ભૂત એની સાથે રહી જતા. એ દિવસે પણ એવું જ બન્યું.

મૂવી પૉઝ કરીને એ બાથરૂમ જવા ઊભો થયો. બાથરૂમની બારીમાં એણે હસતું ભૂત જોયું. એ બાથરૂમની અંદર જઈ ના શક્યો. મૂવી પત્યા પછી એ એકલો રૂમમાં જવા પણ તૈયાર નહોતો. એને ડર લાગતો હતો કે ભૂત એના પલંગ નીચેથી આવશે તો ? એના કબાટમાં છુપાઈને બેઠું હશે તો ? એના પંખા પરથી ઊંધું લટકીને એની રાહ જોતું હશે તો ? વિવાનને પરસેવો છૂટી ગયો. માસી બહાર બાલ્કનીમાં બેસીને કંઈક સાંભળી રહ્યા હતા. એણે માસીનો હાથ પકડીને કહ્યું, 'ચાલો માસી, આપણે સૂવા જઈએ.' વિવાનનો ફેસ જોઈને એ બધું સમજી ગયા, પણ કંઈ બોલ્યા નહીં.

રૂમમાં જઈને માસીએ દાદાના ફોટાવાળો નાઈટ લૅમ્પ ચાલુ કર્યો અને બોલ્યા, 'દાદા હસતા કેવા સરસ લાગે છે, નહીં ?' વિવાને દાદાને જોયા અને ડોકું હલાવીને 'હા' પાડી. એ પોતાના પલંગમાં આડો પડ્યો. ત્યાં તો એને બહાર પાંદડાનો અવાજ આવ્યો. એને લાગ્યું કે જાણે કોઈ દબાતે પગે આવી રહ્યું છે. એ બેઠો થઈ ગયો. હજુ એ કંઈ વધારે બોલે એ પહેલા માસી ધીરેથી 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' ગાવા લાગ્યા. વિવાનની નજર પાછી હસતા દાદા પર ગઈ અને એ આડો પડ્યો. એ એકીટસે દાદાના ફોટો લૅમ્પને જોતો રહ્યો અને માસીને સાંભળતો રહ્યો. એની આંખો બંધ થઈ ગઈ. ખબર નહીં ક્યારે ભૂત ભૂલાઈ ગયું અને દાદા યાદ રહી ગયા.

એ રાત્રે તો એને સરસ ઊંઘ આવી ગઈ. પણ, ત્યાર પછી એને હૉરર મૂવીઝ કરતા દાદા વધારે ગમવા લાગ્યા. કેમ કે મૂવીઝ ડરાવતા હતા અને દાદા પ્રોટેક્ટ કરતા હતા.

# એકવીસમો દિવસ



કબીર અને વિવાન પહેલા ધોરણથી બેસ્ટ ફ્રેન્ડ્સ હતા. અને એટલે જ વિવાન કબીરની બધી જ વાત માનતો.

તે દિવસે બન્નેને સ્કૂલની કૅન્ટીનમાં પીઝા ખાવાનું મન થયું. પણ બન્ને પાસે પૈસા નહોતા. કબીરે વિવાનને આઈડિયા આપ્યો, 'તારા માસી આવ્યા છે ને, તું એમના પર્સમાંથી થોડા પૈસા લઈ લેજે, એમને કંઈ ખબર નહીં પડે.'

'એવું ના કરાય.' વિવાન અચકાયો.

'અરે, આપણે કંઈ ખોટું નથી કરતા. આપણી પિગી બેંકમાં પૈસા ભેગા થશે એટલે પાછા મૂકી દઈશું.' વિવાનને પીઝા બહુ જ ભાવતા હતા. અને થોડા જ પૈસાનો સવાલ હતો. એને થયું, પાછા મૂકી જ દેવાના છે ને, એટલે લેવામાં કોઈ પ્રૉબ્લેમ નથી.

સ્કૂલેથી વિવાન ઘરે આવ્યો ત્યારે માસીનું પર્સ ટેબલ પર જ પડ્યું હતું. માસી કોઈ મીટિંગમાં બિઝી હતા. વિવાનને થયું, લાવ લઈ લઉં પૈસા. એને અંદર ડર તો બહુ



લાગતો હતો, પણ પીઝા પણ ખાવા હતા. એણે પર્સમાંથી ધ્રૂજતા હાથે પૈસા કાઢ્યા. કાઢવા જતા પર્સમાંથી માસીનું પેન્ડન્ટ જમીન પર પડ્યું.

વિવાન ગભરાઈ ગયો. એણે જલદી જલદી પેન્ડન્ટ ઉપાડ્યું. એ પેન્ડન્ટ પર્સમાં મૂકવા જ જતો હતો ત્યાં એણે પેન્ડન્ટ પરનો ફોટો જોયો અને એનો હાથ અટકી ગયો. એ જ હસતો ચહેરો, એ જ ભૂલાય નહીં એવી આંખો, એ જ દાદા ! એને માસીની વાત યાદ આવી ગઈ, 'હું કંઈ પણ કરું તો મને વિચાર આવે કે, શું મારા દાદાને આ ગમશે ?' બસ પછી તો શું ! વિવાને પેન્ડન્ટની સાથે પૈસા પણ પર્સમાં પાછા મૂકી દીધા.

બીજા દિવસે એ પૈસા વગર હસતો ચહેરો લઈને સ્કૂલે ગયો. કબીર એના પર ખૂબ ગુસ્સે થયો. એને 'ડરપોક' અને 'ફટ્ટુ' પણ કહ્યો. પણ વિવાનના ચહેરા પરથી સ્માઈલ ના ગઈ. કબીર ભલે નારાજ હોય પણ એને ખબર હતી કે એના દાદા એનાથી રાજી હતા.

તે રાત્રે એણે પ્રેઝન્ટેશન પર વધુ કામ કર્યું. પ્રેઝન્ટેશનને બસ હવે નવ દિવસની વાર હતી.

# સત્યાવીસમો દિવસ



લિવિંગ રૂમમાં માસીની પૅક થયેલી બૅગ્સ પડી હતી. માસી પાછા જઈ રહ્યા હતા. પહેલા કબીર સાથે ફ્રેન્ડશિપ તૂટી ગઈ અને હવે માસી પાછા જઈ રહ્યા હતા. વિવાનને લાગ્યું જાણે એની પાસે કોઈ જ ના રહ્યું.

ગુસ્સે થઈને એ પોતાના રૂમમાં દોડી ગયો. પલંગ પર માસીનું આઈપેડ પડ્યું હતું. એણે આઈપેડ ઉપાડ્યું અને અકળાઈને માસીને આપ્યું, 'આ લો, આ પૅક કરવાનું ભૂલી ગયા તમે.' માસીએ એને ખોળામાં બેસાડ્યો અને કહ્યું કે, 'આ તો તારી માટે છે, તને એકલું ના લાગે એટલે.'


વિવાન રિસાયેલો જ રહ્યો. એણે કહ્યું, 'હું તમને મમ્મીના ફોનથી વિડિયો કૉલ કરીશ. મારે આઈપેડ નથી જોઈતું.' માસી હસી પડ્યા અને બોલ્યા, 'અરે, આ કંઈ વિડિયો કૉલ કરવા માટે નથી. આની અંદર તો ખજાનો છે. મારા દાદાનો ખજાનો, પ્રત્યક્ષ દાદાની મૂવી! તને જ્યારે એકલું લાગે, ત્યારે તું આ ખોલીને આપણા દાદાને જોજે. તને એવું લાગશે કે તેઓ તારી સાથે જ છે.' એટલું જ નહીં, માસીએ થોડા ધીમા અવાજે વિવાનના કાનમાં કહ્યું, 'જો તારું કનેક્શન દાદા સાથે સ્ટ્રોંગ હશે ને તો દાદા તારી સાથે જ રહેશે. તું એમની સાથે વાતો કરજે. તારા પ્રૉબ્લેમ એમને કહેજે. જો તેઓ તારી મદદ ના કરે તો તું મને કહેજે...'

ગુસ્સો ભૂલીને વિવાન માસી સામે જોઈ રહ્યો. ફ્લાઈટનો ટાઈમ થયો એટલે માસી તો નીકળી ગયા પણ વિવાનના મનમાંથી માસીની વાતો ના નીકળી.

**'શું ખરેખર દાદા મને એકલો નહીં પડવા દે ? મારી સાથે વાતો કરશે ?'**

# ત્રીસમો દિવસ

તે દિવસે વિવાનનું પ્રેઝન્ટેશન હતું.
એ બિલકુલ ટેન્શન ફ્રી હતો. એણે શરૂ કર્યું :
મારા માસીની લાઈફ સ્ટોરી,
લઉં શબ્દોમાં હું દોરી.
સુપર હીરોઝની જોઈ છે ને મૂવી ?
સુપર પાવર્સથી લે એ દુનિયાને બચાવી.
એક એવા જ સુપર હીરો છે માસીની લાઈફમાં,
જેમણે માસી જેવા અનેકોને તાર્યા.
એમનું નામ છે 'દાદા ભગવાન',
પાવર્સ એમના છે જોરદાર.
એમની ઓળખાણ મને માસીએ કરાવી,
સુપર પાવર્સ ડેવલપ કરવાની ટેકનિક પણ શિખવાડી.
ફક્ત અઢાર દિવસ માટે, મેં એમની ટેકનિક ફોલો કરી,
'ઈન' એન્ડ 'આઉટ'ની ગેમ શરૂ થઈ ગઈ મારી.
'ઈન' થઈ વાતો બધી ફાયદાવાળી,
'આઉટ' થયું, જે હતું લાઈફમાં નુકસાનકારી.
સૂઈ જાઉં છું હું રાત્રે જોઈ દાદાનો ફોટો,
ભૂત ગયું 'આઉટ' અને શાંતિનો મળ્યો જોટો.
માસીએ દેખાડી દાદાની મૂવીઝ મજાની,
'આઉટ' થયું કુસંગ, 'ઈન' થઈ સમજણ સાચી.
ભણ્યો જ્યારે 'અસીમ જય જયકાર હો' ગાઈ,
'આઉટ' થયો વોહલી, મળી ગઈ ફોકસની ચાવી,
માસીએ મને એવી રીત શિખવાડી,
એકલું લાગે નહીં હવે મને કદી.
બેસ્ટ છે મારા માસી, જેમણે દાદાની ઓળખાણ પાડી,
બેસ્ટેસ્ટ છે 'દાદા ભગવાન' ને એમની વાતો પ્યારી પ્યારી.



# જ્ઞાનીઓ કહે છે...

પ્રશ્નકર્તા : નિદિધ્યાસન એટલે શું ?

દાદાશ્રી : આંખો મીંચીને દાદા દેખાય, સીમંધર સ્વામી દેખાય એ નિદિધ્યાસન કહેવાય.

પ્રશ્નકર્તા : નિદિધ્યાસનથી શું ફાયદો થાય ?

પૂજ્યશ્રી : જેનું નિદિધ્યાસન કરીએ ને, તેની શક્તિ આપણને ડિરેક્ટ (સીધી) પ્રાપ્ત થાય. દાદા ભગવાનનું નિદિધ્યાસન કરીએ, તો દાદા ભગવાનની શક્તિઓ આપણામાં પ્રગટ થાય. આંખો મીંચીને દાદા દેખાય તો કુસંગ અડે જ નહીં ને ! દાદાને જોયા કરવા એ જ મોટામાં મોટો સત્સંગ. ભય લાગે ત્યારે દાદાનું નિદિધ્યાસન ગોઠવી દેવાનું. દાદાનું રક્ષણ રહે.

પ્રશ્નકર્તા : દાદા જેવી શક્તિ પ્રગટ થાય, એટલે દાદા પાસે કેવી શક્તિ છે ?

પૂજ્યશ્રી : કોઈ દાદાનું અપમાન કરી જાય, એમની ભૂલ કાઢે તોય દાદાનો એની સાથે પ્રેમ તૂટે નહીં. દાદા એનું રક્ષણ કરે. એમને જીવમાત્ર પર અપાર કરુણા હોય. એમને સહુ નિર્દોષ જ દેખાય. કોઈ એમનું નુકસાન કરે, છેતરી જાય, દુઃખી કરે, તોય એની સાથે એકતા જ રહે, જુદાઈ ના ઊભી થાય.

દાદાને કોઈ વાતનો ભય ના હોય.

પ્રશ્નકર્તા : દાદાનું નિદિધ્યાસન ના રહેતું હોય, તો શું કરવાનું ?

પૂજ્યશ્રી : સહેલો રસ્તો છે. દાદાનો ફોટો જોવાનો, પછી આંખ બંધ કરવાની એટલે પછી દાદા યાદ આવે. પ્રત્યક્ષ દાદાની વિડિયો જુઓ તો દાદા આપણા ચિત્તમાં ધારણ થઈ જાય. પછી આંખો બંધ કરો તો દેખાયા કરે. એવું કરજો.

આપેલા ફોટો પ્રમાણે કલર્સ પૂરી દાદાનું પિક્ચર તૈયાર કરો.





Akram Express

November 2023
Year : 16, Issue : 03
Conti. Issue No.: 183

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

# અને છેલ્લે છેલ્લે...

બાળમિત્રો,

આપણે જોયું કે નિદિધ્યાસનમાં કેટલી બધી તાકાત છે ! વિવાન અને દાદા વચ્ચે તો અદૃશ્ય કનેક્શન બની ગયું છે. પણ શું તમારું અને દાદાનું પણ આવું કોઈ કનેક્શન છે ?

જો હા, તો અમને એના વિશે લખીને, ડ્રો કરીને, ક્રાફ્ટ બનાવીને, ગાઈને અથવા તો તમારા કોઈ પણ મનપસંદ માધ્યમ દ્વારા Akramexpress.team@gmail.com પર જણાવો.

અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

*Publisher, Printer & Editor - Dimple Mehta on Behalf of Mahavideh Foundation*
*Printed at Amba Multiprint, Opp. H B Kapadiya New High School, Chhtral-Pratappura Road, At-Chhatral, Tal. Kalol, Dist. Gandhinagar – 382729.*